**SEBI ની નવી ગાઇડ્લાઇન પ્રમાણે ૧ ઑગસ્ટ ૨૦૨૦ થી શેરબજાર માં લાગુ થનારા અમુક નવા નિયમો:**

**કેશ સેગ્મેન્ટ માં માર્જિન ફરજિયાત**

• કેશ સેગ્મેન્ટ માં પણ માર્જિન શોર્ટેજ પેનલ્ટી લાગુ પડશે.

•ટ્રેડ કરતા પેહલા અટલેકે Upfront માર્જિન ફરજિયાત આપવુ પડસે.(Buy/sell both)

• વેચાણ ના સોદા પર પણ માર્જિન જરૂરી બનશે. ફક્ત વેચાણનો સોદો હશે અને GOLDMINE અર્લી-પેયઈન મારફત ટી દિવસેજ શેર્સ ડેલિવર્ડ કરશે તો માર્જિન જરૂરી નહિ બને.

• પરંતુ, જો સામે ખરીદનો સોદો પણ હશે તો વેચાણ તેમજ ખરીદ - બંને પર માર્જિન લાગુ પડશે. જેથી જો વેચાણ નો માલ અર્લી-પેયઈન મારફત લેવાશે, તો તેના પરનો માર્જિન નો ફાયદો ખરીદેલા માલ પર મળી શકશે નહિ.

• BTST ટ્રેડ મા Buy/Sell બંને પોઝિશન પર માર્જિન લાગતુ હોવાથી, BTST ટ્રેડપુરતુ માર્જિન હોય તો જ *execute* કરવા. નહી તો માર્જિન શૉર્ટ પેન્લટી લાગશે.

• જે લોન્ગ-ટર્મ ના શેર્સ હોય અથવા જલ્દી વેચવા ના હોય તેવા શેર્સ માર્જિન પેટે પહેલેથી પ્લેડ્જ મા આપી દેવાહિતાવહ છે. માર્જિન પેટે પૂરતા શેર્સ પ્લેડ્જ કરાવવા જેથી માર્જિન શૉર્ટેજ ની શક્યતા નહીવત રહે.

**શેર્સ માર્જિન માં મુકવાની પ્રક્રિયા.**

• ઍફ&ઑ, કરન્સી, તેમ જ કેશ સેગ્મેન્ટમાં શેર્સ માર્જિન માં મુકવાની પ્રક્રિયા માં ફેરફાર થશે.

• ડીમેટ એકાઉન્ટ માં રહેલ શેર્સ ની વેલ્યુ માર્જિન સામે ગણી શકાશે નહિ.

• GOLDMINE ના માર્જિન એકાઉન્ટ માં ટ્રાન્સફર કરેલ શેર્સ ની વેલ્યુ પણ માર્જિન સામે ની ક્રેડીટ માં નહિ ગણાય.

• અત્યાર સુધી માં GOLDMINE ના માર્જિન અકાઉંટ માં મુકેલા બધા જ શેર્સ છોડાવી ક્લાયન્ટના ડીમેટ માં આપવા પડશે. ત્યારબાદ, GOLDMINE ના ફેવર માં પ્લેજ કરવાના રહેશે. (સેબી ની નવી પ્લેડ્જ સિસ્ટમ અનુશાર)

• જો POA હસે તો GOLDMINE પ્લેડ્જ ઈનીશીયેટ્ કરી શકસે અથવા તો ફિઝિકલ માર્જિન પ્લેડ્જ ફોર્મ/ સ્લિપ આપવાની રહેસે. અમારા તરફથી પ્લેડ્જ ઈનીશીયેટ્ થતા, ક્લાઇંટ ને NSDL તરફથી SMS તેમજ ઈમેઈલ દ્વારા OTP મલ્સે, એ સાથે આપેલ NSDL વેબસાઈટની લિન્કમાં એન્ટર કરવાનો રહેશે. આ પ્રક્રીયા કંપ્લીટ કરસે પછી જ શેર્સ પ્લેડ્જ થસે.

• ટી દિવસ ના ટ્રેડ સામે માર્જિનનો બેનિફિટ જોઈતો હશે તો ટી દિવસેજ  OTP થી પ્લેજની પ્રક્રિયા પૂરી કરવાની  રહેશે. જો તે દિવસે પ્લેજ નહિ કરાય તો ટી દિવસનું માર્જિન શોર્ટ જઈ શકે છે અને પેન્લટી લાગશે.

• ટ્રેડ ફોર ટ્રેડ અને શેર્સ જેની માર્જિન વેલ્યુ નહિવત હોય તેવા શેર્સ માર્જિનમાં આપી શકાશે નહિ.

**ટ્રેડિંગ એક્સપોઝર**

• ક્લાઇંટ ના ડીમેટ ના શેર્સ ની વૅલ્યૂ પર Exposure/Limit મલ્સે નહી.

• જે ક્લાયન્ટનું ખાતું ક્રેડિટ હશે  અથવા જે ક્લાયન્ટના શેર્સ પ્લેજ થઇ ગયેલા હશે (હેરકટ કાપી ને), તેમને જ એક્સપોઝર મળી શકશે.

**ખાસ ધ્યાન રાખવાના મુદ્દા**

• ટ્રેડિંગ તેમજ ડિમેટ એકાઉન્ટમાં સાચા મોબાઈલ નંબર તેમજ ઇમેઇલ ID હોવા ખૂબજ જરૂરી છે. (Only as per family definition)

• GOLDMINE ઓટો-પેયઈન POA મારફતે પ્લેજ ઇનિશિયેટ કરશે. પરંતુ, તેને OTP દ્વારા વેરીફાય અને એક્સેપટ કરવાની સંપુર્ણ જવાબદારી ક્લાયન્ટની જ રહેશે.

• પ્લેડ્જ કરાવેલ શેર્સ વેચતા પેહલા પ્લેડ્જ માથી રિલીઝ કરાવા જરૂરી બનસે.

•માર્જિન બેનિફિટ માટે Funds Payout **NO** કરાવુ જરૂરી છે. તો routine મા ટ્રેડ કરતા ક્લાઇંટ્સ નુ Funds Payout **NO** કરાવવુ.

**માર્જિન શોર્ટેજની પેનલ્ટી**

• શોર્ટફોલ રૂ. 1 લાખ અને 10% થી ઓછો = 0.5% પેનલ્ટી

• શોર્ટફોલ રૂ. 1 લાખ અથવા 10% થી વધુ = 1.0% પેનલ્ટી

• સળંગ 3 દિવસ માર્જિન શોર્ટેજ હશે તો ચોથા દિવસથી 5.0% પેનલ્ટી

• મહિનામાં કોઈ પણ 5 દિવસ માર્જિન શોર્ટેજ હશે તો છઠ્ઠા દિવસથી 5.0% પેનલ્ટી

કોઈ અપડેશન અથવા ચેંજીશ હસે તો અલગ થી ઇન્ફોમ કરવામા આવશે. માર્જિન પ્લેડ્જ ની પ્રક્રિયા ઍકદમ નવી હોવાથી પેહલા જ દિવસ થી સંપૂર્ણ પણે લાગુ કરવી ખુબજ મુસ્કેલ છે. તો આપ સૌ નો સાથ સહકાર ખૂજબ જરૂરી છે.